| PUBLICATION NAME : | Ahmedabad Express |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 12/12/23 |
| PAGE : | 11 |

# ભારતની હસ્તકલા અને કારીગરોનું સંવર્ધન કરીને ટકાઉ ભવિષ્યનું નિર્માણ

અમદાવાદ | તા.11

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ દ્વારા 8મી ડિસેમ્બરે થોટ લીડરશિપ સેમિનાર અને થીમેટિક ફેશન શો અને 8મી અને 9મી ડિસેમ્બર, 2023ના રોજ એચએસબીસીના સમર્થનથી પ્રોજેક્ટ હેન્ડમેડ ઇન ઈન્ડિયા હેઠળ (એચએમઆઈ) વર્લ્ડ ટ્રેડ સેન્ટર, કોલાબા, મુંબઈ ખાતે એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ ભારતમાં હેન્ડમેડ પ્રોજેક્ટમાં ઇમ્પ્લિમેન્ટેશન પાર્ટનર છે. આસામમાં કામરૂપ, ઓરિસ્સામાં બરગઢ, ગુજરાતમાં ભુજ અને સુરેન્દ્રનગર, મધ્ય પ્રદેશમાં મહેશ્વર અને તમિલનાડુમાં સલેમ એમ છ ક્લસ્ટરોને હેન્ડમેડ ઇન ઈન્ડિયા પ્રોજેક્ટ હેઠળ ટેકો



આપવામાં આવી રહ્યો છે. એક્ઝિબિશનમાં પ્રોજેક્ટ એચએમઆઈ હેઠળ આવરી લેવામાં આવેલા છ ક્લસ્ટરોની પ્રોડક્ટ્સ પ્રદર્શનમાં છે. ઈડીઆઈઆઈ દ્વારા પ્રશિક્ષિત તેમાં ભાગ લઈ રહેલા કારીગરો અને કસબીઓ સાથે કુલ 25 સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.